ગાંધીનગર સમાચાર


# શ્રી સરઢવ કેળવણી ઉત્તેજક મંડળ



## અમૃત મહોત્સવ

(૧૯૪૨ - ૨૦૧૭)

| અતિથિ વિશેષ | અતિથિ વિશેષ | અતિથિ વિશેષ | ઉદ્ઘાટક | સમારંભ અધ્યક્ષ | આશીર્વચન | પ્રેરક ઉપસ્થિતિ | મુખ્ય મહેમાન | અતિથિ વિશેષ | અતિથિ વિશેષ | અતિથિ વિશેષ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
|  |  |  |  |  |  |  |   |  |  |  |
| શેઠ શ્રી સુભાષચંદ્ર બાબુલાલ શાહ<br>પ્રમુખશ્રી, શ્રી સરઢવ કેળવણી ઉત્તેજક મંડળ | શ્રી ડો. કે. ટી. પટેલ<br>પ્રમુખશ્રી, શ્રી સરઢવ ગ્રામ વિકાસ મંડળ | શ્રી જય વસાવડા<br>પ્રબુધ્ધ ચિંતક :<br>વક્તા, સાહિત્યકારશ્રી | શ્રી વલ્લભભાઈ મા. પટેલ<br>(સરદારશ્રી)<br>ચેરમેનશ્રી, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર, પ્રેસિડેન્ટશ્રી, કડી સર્વ વિશ્વવિદ્યાલય - ગાંધીનગર | શ્રી ગૌતમભાઈ<br>છોટાલાલ પટેલ (બક્ષી શેઠ)<br>અગ્રણી ઉદ્યોગપતિશ્રી,<br>ટ્રસ્ટીશ્રી - શ્રી સરઢવ ગ્રામ વિકાસ મંડળ | ષષ્ઠપીઠાધીશ્વર પ.પૂ.ગો.શ્રી ૧૦૮<br>શ્રી દ્વારકેશલાલજી મહારાજ<br>વિશ્વ વિખ્યાત વૈષ્ણવાચાર્ય | શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા<br>શિક્ષણમંત્રીશ્રી,<br>ગુજરાત રાજ્ય | ડો. મુકુન્દ જયંતિલાલ ઠક્કર<br>Founder and President<br>AristaCare Indian Nursing Home Program - USA<br>વતનપ્રેમી સહૃદયી કાર્યકર : અમેરિકન શ્રવણ | શ્રી દર્શનભાઈ નારણભાઈ પટેલ<br>ઉપપ્રમુખશ્રી, શ્રી સરઢવ ગ્રામ વિકાસ મંડળ<br>Chariman, VINI Cosmetics Pvt. Ltd. | શ્રી ભાગ્યેશ વાસુદેવ જહા<br>પૂર્વ સચિવશ્રી,<br>ગુજરાત સરકાર | શ્રીમતી ચારુબેન શૈલેષકુમાર પટેલ<br>ટ્રસ્ટીશ્રી,<br>શ્રી સરઢવ કેળવણી ઉત્તેજક મંડળ |

## કેળવણીના આ મંદિરે અનેક ભાવકોને સિદ્ધિનાં શિખરે પહોંચાડ્યા છે


'सा विद्या या विमुक्तये' - 'મુક્તિ અપાવે તે વિદ્યા'ના તેજ પ્રકાશે દ્વિતીય વિશ્વયુધ્ધના ભીષણ કાળના અંધકારમય ગુલામીના એ આખરી વર્ષોમાં ગાયકવાડી ગોકુળીયા ગામ સરઢવની સને ૧૮૮૦ થી પ્રારંભાયેલ પ્રાથમિકશાળા અને ૧૯૦૭ થી કન્યાશાળા મારફતે અડધી સદી ઉપરાંતની શિક્ષણ યાત્રાનો આગળનો મુકામ એટલે સને ૧૯૪૦-૪૧ અરસામાં અંગ્રેજી શિક્ષણની જાગેલી જિજ્ઞાસા-તત્પરતા. 'न हि ज्ञानेन सदृशं पवित्रं मिह विद्यते ।' ના ગીતામંત્રને વરેલા સમગ્ર ઉત્તર ગુજરાત પંથકના 'કેળવણી ક્ષેત્રના ઋષિ પૂ.છગનભા'ની શૈક્ષણિક ક્રાંતિની મશાલથી પ્રેરણા પામેલા પ્રારંભના પાયાના સરઢવના કર્ણધારો સર્વશ્રી રાવલ શિવશંકર હિંમતરામ, ઠાકર મણિલાલ હરિશંકર, શેઠશ્રી હીરાલાલ કેવળદાસ, પટેલ જોઈતારામ ઉમેદરામ, પટેલ મગનલાલ દયાળજી, રાવલ ભાઈશંકર પ્રભાશંકર, શાહ

**સંસ્થા સને-૧૯૪૧માં રજીસ્ટર્ડ શાળા રૂપે અસ્તિત્વમાં આવી તા. ૦૧-૦૮-૧૯૪૧ થી "શ્રી શેઠ શામળદાસ મોતીચંદ એ.વી. સ્કુલ" સ્વરુપે સાકારિત બની**

ચુનીલાલ મોતીચંદ, પટેલ કચરાભાઈ નરોત્તમદાસની સૂઝ પ્રેરણા અને પ્રોત્સાહનથી સ્વ.જેશિંગદાસ ખુશાલદાસ પટેલ ના મકાનમાં સને-૧૯૪૧ પહેલાં અવિધિસરની "ગૃહશાળા" રૂપે અંગ્રેજી શાળા બીજરુપે અંકુરિત થઈ, જેને સિંચન-સંવર્ધન સાંપડ્યું અલગારી યોગીપુરુષ પ્રાતઃસ્મરણીય શ્રી વિષ્ણુપ્રસાદ હરગોવિંદદાસ જહાનું.

આ પવિત્ર યુગકાર્યને પોષણરુપ દેણગીના દાતા બન્યા પુણ્યશ્લોક આદરણીય શેઠશ્રી શામળદાસ મોતીચંદના શ્રેષ્ઠી સુપુત્રો સર્વશ્રી નાથાલાલ શામળદાસ, શ્રી મણીલાલ શામળદાસ, શ્રી છબીલદાસ શામળદાસ, શ્રી અંબાલાલ શામળદાસ તથા શ્રી જોઈતારામ ગલશાદાસ પટેલ, શ્રી પ્રહલાદભાઈ ધરમદાસ પટેલ, શેઠશ્રી વાડીલાલ તારાચંદ, શેઠશ્રી હીરાલાલ મોહનલાલ, શેઠશ્રી મોહનલાલ ઓતમચંદ, શેઠશ્રી ચુનીલાલ અમુલખદાસ, શેઠશ્રી લક્ષ્મીચંદ છગનલાલ, શ્રી વાડીલાલ દોલતરામ, શ્રી નાલચંદ લલ્લુદાસ, પ્રજાપતિ હરગોવિંદદાસ હીરાલાલ, પટેલ મગનલાલ જેસીંગદાસ, પટેલ છોટાલાલ પુરષોત્તમદાસ (બક્ષી), પટેલ રણછોડભાઈ જોઈતારામ, પટેલ બોથાભાઈ નથ્થુદાસ, પટેલ છગનલાલ પીતાંબરદાસ પરિવાર, પટેલ બબાભાઈ જીવીદાસ પરિવાર, શેઠશ્રી માણેકલાલ ચુનીલાલ તથા નોંધપાત્ર એવા 'મફતલાલ ગગલદાસ ચેરીટી ટ્રસ્ટ' વતી શેઠશ્રી અરવિંદભાઈ જેવા મુખ્ય દાતાશ્રીઓ ઉપરાંત અનેક નાના મોટા દાનવીરોએ ફૂલ નહીં તો ફૂલની પાંખડી અર્પણ કરી આ વિદ્યાયજ્ઞની જ્યોત પ્રગટાવી.

જે સંસ્થા સને-૧૯૪૧માં રજીસ્ટર્ડ શાળા રૂપે અસ્તિત્વમાં આવી તા. ૦૧-૦૮-૧૯૪૧ થી "શ્રી શેઠ શામળદાસ મોતીચંદ એ.વી. સ્કુલ" સ્વરુપે સાકારિત બની. શાળાના પ્રથમ આચાર્ય પદે શોભાયમાન થયા "ઋષિતુલ્ય વિભૂતિ શ્રી વિષ્ણુપ્રસાદ હરગોવિંદ જહા". પ્રથમ સોપાનમાં ૧૯૪૧માં ૪૩ વિદ્યાર્થીઓ સાથે પ્રાદુર્ભાવ પામેલી બે ધોરણની શાળા પ્રગતિને પંથે પગલાં પાડતી સને ૧૯૪૬-૪૭ માં ૧૬૩ ની સંખ્યા સાથે પાંચ ધોરણની થઈ. જે ક્રમિક વિકસતાં સને ૧૯૫૦-૫૧ માં ૨૧૩ ના આંકડે પહોંચી. આ સંસ્થાના પ્રારંભના પડકારરૂપ પંથના પ્રવાસી કર્મયોગી શિક્ષણપ્રેમીઓ સર્વ શ્રી પટેલ નાથાલાલ બાપુદાસ, (સી.એન. વિદ્યાલય), પટેલ બબાભાઈ રામદાસ (નૂતન ફેલોશીપ સ્કુલ), શ્રી રમણલાલ મણીલાલ શાહ, પટેલ પુંજાભાઈ ખોડીદાસ, પટેલ આત્મારામ મનોરદાસ, પટેલ ચીમનલાલ મગનલાલ, પટેલ ઈશ્વરભાઈ જેસિંગદાસ, પટેલ મોતીભાઈ નારણદાસ, પટેલ વિઠ્ઠલભાઈ મથુરદાસ, પટેલ રામભાઈ છગનલાલ, શેઠશ્રી મફતલાલ ચુનીલાલ (ટ્રસ્ટી), પટેલ મથુરભાઈ નરોત્તમદાસ, પટેલ અંબાલાલ જોઈતારામ, પટેલ વનમાળીદાસ મોતીદાસ, શાહ જેઠાલાલ દામોદરદાસ, રાવલ દશરથભાઈ મુળશંકર (ટ્રસ્ટી), શેઠશ્રી બાબુલાલ નાથાલાલ, પટેલ શંકરભાઈ કામરાજદાસ, પંચાલ શંકરલાલ પિતાંબરદાસ, પટેલ અંબાલાલ છગનલાલ, પટેલ દશરથભાઈ ખોડીદાસ, પટેલ કેશવલાલ જેઠીદાસ, પટેલ ઈશ્વરભાઈ પુરષોત્તમદાસ (બક્ષી), પટેલ ગોરધનભાઈ મફતલાલ સહિતના અનેક આગેવાનોના નિઃસ્વાર્થ નેતૃત્વ તથા ઋષિ તુલ્ય શ્રી વિષ્ણુપ્રસાદ હ. જહા અને પિતાના પુનિત પગલે શિક્ષણના ભેખધારી કર્તવ્યનિષ્ઠ પુણ્યશ્લોક વિભૂતિ શ્રી વાસુદેવ વિષ્ણુપ્રસાદ જહા ના શ્રેષ્ઠ કર્તૃત્વ થકી પ્રારંભની કપરી મજલ કાપી સને ૧૯૫૪-૫૫માં શ્રેણી-૧૦ના વર્ગ સાથે સંસ્થા સાર્વજનિક હાઈસ્કુલનું સ્વરુપ પામી. શાળાની જરૂરિયાત વધતાં સ્કુલ પાસેની પોતાની કિંમતી જમીન શ્રી રણછોડભાઈ ઈશ્વરદાસ પટેલે દાનમાં આપી શ્રેષ્ઠ ભૂમિદાન કર્યું. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસના ધ્યેયને વરેલી સંસ્થા તા.૧૩-૦૬-૧૯૫૫ થી ધોરણ-૧૧ (OLD SSC)ની મંઝિલે પહોંચી. સંસ્થાના વિકાસના બીજા-ત્રીજા દસકામાં જરુરિયાત મુજબ ભૌતિક સુવિધાઓ સાથે ગુણવત્તાયુક્ત શિક્ષણ વિકસતું રહ્યું. સરઢવ ઉપરાંત આજુબાજુના રૂપાલ, નારદીપુર, મોટીઆદરજ, મોખાસણ, ભાદોલ, ધમાસણા અને જલુંદ ગામના વિદ્યાર્થીઓ માટે આ શાળા આશીર્વાદરૂપ નીવડી. જોતજોતામાં ભરયુવાનીમાં પહોંચેલી સંસ્થાની ૧૯૪૨ થી ૧૯૬૭ની યાત્રાને પગલે 'રજતજયંતિ (રૌપ્ય મહોત્સવ)' તા.૦૯-૦૫-૧૯૭૦ના રોજ ઉદ્યોગપતિ શેઠ શ્રી શાંતિલાલ અમૃતલાલ અજમેરાના પ્રમુખપદે આન-બાન-શાનથી સમગ્ર ગામે ઉજવ્યો.



શેઠશ્રી મફતલાલ ચુનીલાલ શાહ (બાદશાહ શેઠ)
ટ્રસ્ટીશ્રી : સને ૧૯૭૩થી



પ્રાતઃસ્મરણીય પૂજ્ય શ્રી વાસુદેવ વિષ્ણુપ્રસાદ જહા
શ્રેષ્ઠ માધ્યમિક શિક્ષક એવોર્ડ વિજેતા,
સંસ્થાના શિલ્પી-આચાર્યશ્રી
સંસ્થાના સહમંત્રીશ્રી,
સને ૧૯૫૫થી ૧૯૭૧

સંસ્થાએ રમત-ગમત, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, વિજ્ઞાન મેળા, યુવા મહોત્સવ જેવા અનેકવિધ ક્ષેત્રે જીલ્લામાં અગ્રેસર રહી રાજ્ય અને રાષ્ટ્ર કક્ષાએ નામના મેળવી. ક્રમિક વિકાસને પંથે પાંગરી વટવૃક્ષ સમી આ સંસ્થા ગુજરાત સરકારના ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના અભિગમને અપનાવી ધોરણ-૧૧ અને ૧૨ - હાયર સેકન્ડરી - વિજ્ઞાન, વાણિજ્ય અને વિનયન પ્રવાહ સાથે સને ૧૯૭૬માં કાર્યાન્વિત થતાં વિસ્તાર પામી. દાનવીર શેઠશ્રી પુરુષોત્તમ રેવાભાઈ પટેલ (દાસકાકા)એ વહાલસોયા દીકરા શ્રી બળદેવભાઈના આકસ્મિક અકાળે અવસાનના આઘાતની પળોમાં ગીતામૂલક દૃષ્ટિ કેળવી સદ્ગત દીકરાની સ્મૃતિઓ ચિરંજીવી બનાવવા ઉચ્ચતર માધ્યમિક પ્રવાહ માટે માતબર દાન આપ્યું. સંસ્થાને નૂતન આકાર મળ્યો. તા.૨૮-૪-૧૯૭૯ના શુભ દિવસથી સંસ્થાનું નૂતન નામાભિધાન થયું - "શેઠ શામળદાસ મોતીચંદ સાર્વજનિક હાઈસ્કુલ અને શ્રી બી.પી.પટેલ હાયર સેકન્ડરી સ્કુલ". આ યુગના સંસ્થાના સુકાની સંવાહકોમાં પટેલ રણછોડભાઈ જોઈતારામ (રાણા), પટેલ પુરુષોત્તમદાસ રેવાભાઈ (દાસકાકા), પટેલ છોટાલાલ પુરુષોત્તમદાસ (બક્ષી) ત્રિપુટીનું યશસ્વી પ્રદાન રહ્યું જેને અંતઃકરણનો સાથ સાંપડ્યો સંનિષ્ઠ આચાર્ય શ્રી વાસુદેવ વિ. જહાનો તેમજ યુવાનેતૃત્વ શ્રી છોટાલાલ પ્રહલાદદાસ પટેલ, પ્રો. અમૃતલાલ હીરાલાલ ઠાકર, શ્રી કનુભાઈ રામદાસ પટેલ(ટ્રસ્ટી), શ્રી જયંતિલાલ જેઠાલાલ પટેલ, શ્રી સોમાભાઈ પ્રહલાદભાઈ પટેલ (બેંકર), શ્રી વાડીભાઈ ભાયચંદદાસ પટેલ(ટ્રસ્ટી), શ્રી આત્મારામ છોટાલાલ પટેલ(ટ્રસ્ટી), શ્રી બચુભાઈ લલ્લુદાસ પટેલ સહિતના જોમવંતા જુવાનોનો દાયકાઓનો તેજતરાર સથવારો.



ઋષિવર્ય શ્રી વિષ્ણુપ્રસાદ હરગોવિંદ જહા
આદ્યસ્થાપક - આચાર્યશ્રી

ઉપરાંત એકાદ દસકામાં સંકલ્પ બધ્ધ થઈ વેગે આવી, વરસી વિજળીના ચમકારે મોતીડાં પરોવી ન ભૂલાય - ન ભુંસાય એવાં સ્મરણો છોડી સંસ્થાને નવી ક્ષિતિજને નિરખવા આહ્વાહન કરી અનંતની યાત્રાએ ચાલી ગયેલા મારા પ્રેરક પિતા શ્રી નારણભાઈ આત્મારામદાસ પટેલ (પારસ પરિવાર) તેમજ મારા કાકા ડૉ.ખોડાભાઈ ત્રિભોવનદાસ પટેલના માર્ગદર્શનમાં શેઠશ્રી સુભાષચંદ્ર બાબુલાલ શાહ (ટ્રસ્ટી), શ્રી વાસુદેવભાઈ રણછોડદાસ પટેલ (ટ્રસ્ટી), શ્રીમતી ચારૂબેન શૈલેષકુમાર પટેલ (ટ્રસ્ટી)ની સાથે સાથે શ્રી કાન્તિભાઈ સોમનાથ પટેલ, શ્રી શંકરભાઈ રણછોડદાસ પટેલ, શ્રી નવીનભાઈ પુંજાલાલ પટેલ (બનારસી), ડૉ. બળદેવભાઈ રતિલાલ પટેલ, શ્રી મહેન્દ્રભાઈ પ્રહલાદભાઈ પટેલ, શ્રી મુકેશભાઈ ગોવિંદભાઈ પટેલ, શ્રી અમૃતભાઈ પી. પટેલ (ડોલપ્લાસ્ટ), શ્રી દશરથભાઈ સોમનાથ પટેલ, શ્રી ભીખાભાઈ મંગળદાસ પટેલ, શ્રી અશોકભાઈ પ્રહલાદદાસ પટેલ (ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ) સહિતના અનેક નામી - અનામી કર્તવ્યનિષ્ઠોની સેવાયજ્ઞને ઉજ્જવળતા બક્ષવા નિઃસ્વાર્થ ભાવની મથામણ સાથે શાળાના કેમ્પસને અડીને દેવીપૂજક ભાઈઓના વસવાટવાળી વિશાળ જગ્યા ખાલી કરાવવાને લગતા ૪૦ વર્ષ જૂના પ્રશ્નને તત્કાલીન સરપંચશ્રી મનુભાઈ રતિલાલ પટેલ તથા તેમની ટીમના પરિણામલક્ષી પ્રયત્નને કારણે સંકુલને આવશ્યક વધારાની જગ્યા ઉપલબ્ધ થઈ જે પ્રદાન સરાહનીય નોંધનીય રહ્યું છે.

'શ્રી રાઈબા શિશુ વિહાર' (સ્થાપના-૧૯૫૭) અને 'શ્રી જીવીબા શિશુ વિહાર'(સ્થાપના-૧૯૯૬) જેવાં ભૂલકાઓની કાળજી લેતા એકમો ઉપરાંત વિકાસ માર્ગનું મહત્ત્વનું સોપાન એટલે ધોરણ ૧ થી ૪ની સ્વનિર્ભર શાળા - 'શ્રી છગનભા પ્રાથમિક શાળા'. સને ૧૯૬૬ થી સંસ્થામાં ધો.૫ થી ૭ નું પ્રાથમિક શિક્ષણનું એકમ અસ્તિત્વ ધરાવતું હતું. તેમ છતાં સુદૃઢ ઈમારત માટે સુદૃઢ પાયાની જરૂરિયાતના અભિગમને પહેલા ધોરણથી જ ગુણવત્તાયુક્ત શિક્ષણ આપીને મોંઘેરી ફસલ પ્રાપ્ત કરવાના ઉદ્દેશથી શિક્ષણ જગતના ઋષિ આર્ષદૃષ્ટા પૂ.છગનભાના જીવન-કવનને તેમના વતન-સરઢવમાં ભાવાંજલિ અર્પી સંસ્થાના સુવર્ણ જયંતિ મહોત્સવ (૧૯૯૭-૯૮) પ્રસંગે સ્વનિર્ભર પૂર્વ પ્રાથમિક પ્રભાગ સહિતના પ્રાથમિક શિક્ષણના એકમ સાથે "શ્રી છગનભા પ્રાથમિક શાળા" નામાભિધાન કરી ગામે-સંસ્થાએ કૃતાર્થ ભાવ અનુભવ્યો. કાળક્રમે આ એકમ પ્રાથમિક શિક્ષણમાં શ્રેષ્ઠતાનું દૃષ્ટાંત બની રહ્યું છે, જે રાજ્યની શિક્ષણ નીતિ બદલાતાં હવે ધોરણ-૧ થી ૮ સુધીના વર્ગો સુધી વિકસિત થયું છે.



શ્રી દશરથલાલ મૂળશંકર રાવલ
ટ્રસ્ટીશ્રી : સને ૧૯૭૧થી

કાળની ગતિ અનંત છે. સંસ્થાના સુકાનીઓ ઉત્તરોઉત્તર પોતાની સાચી સમજ, દૂરંદેશી અને યથાપ્રસંગે ઉદાહરણરૂપ યોગદાન થકી સંસ્થાને ગૌરવાન્વિત કરવા મથામણ કરતા રહ્યા છે. સૌને સાથે લઈ ચાલવાની ઉજ્જવળ પરંપરાને પ્રકાશિત રાખવાની આપણી સૌની જવાબદારી છે. શ્રેષ્ઠી શેઠ શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલના પ્રમુખ સ્થાને તા. ૨૯-૦૫-૧૯૮૩ના શુભ દિને સંસ્થાની ચતુઃદશાબ્દીની ઉજવણી બાદ સરકતા સમયની સંગાથે સંસ્થાએ આયખાની અર્ધશતાબ્દીની સીમાઓ ઓળંગતાં તા. ૨૪ મે ૧૯૯૮ના દિવસે ભવ્યતાપૂર્ણ 'સુવર્ણ જયંતિ મહોત્સવ'ની યાદગાર ઉજવણી થઈ. વિધિનું વિધાન નક્કર હતું. ભારતના તત્કાલીન ગૃહમંત્રી - મા.શ્રી લાલકૃષ્ણ અડવાણીજી અત્યંત સંવેદનશીલ સંજોગોમાં આવી ન શકતાં સુવર્ણ જયંતિ સમારંભના ઉદ્ઘાટનની જવાબદારી મહોત્સવના હાલના ભારતના પ્રધાનમંત્રી સન્માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વહન કરી. જેમાં શ્રીમતી આનંદીબેન પટેલ તેમજ શ્રી નારણભાઈ આ. પટેલ (પારસ ફાર્માસ્યુટીકલ્સ લી.)ના અધ્યક્ષ સ્થાને યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમમાં તત્કાલીન માનનીય મુખ્યમંત્રી શ્રી કેશુભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિ રહી. હવે સંસ્થા અમૃત મહોત્સવના આંગણે ઊભી છે ત્યારે સર્વે ભૂતપૂર્વ વિદ્યાર્થીશ્રીઓ, અગ્રણીઓ અને ગ્રામજનોમાં અનેરી ઉત્કંઠા છે.



શ્રી વાસુદેવભાઈ રણછોડભાઈ પટેલ
ટ્રસ્ટીશ્રી : સને ૧૯૯૮થી

સરઢવ એ "બહુરત્ના વસુન્ધરા" ભૂમિ છે. મારા કથનમાં આ ગામની મૂર્ધન્ય સંસ્થાઓ - શ્રી સરઢવ કેળવણી ઉત્તેજક મંડળ અને 'શ્રી સરઢવ ગ્રામ વિકાસ મંડળ'ની વિકાસ પ્રવૃત્તિ વેગવંતી રાખવામાં - ધબકતી કરવામાં યથાસમય, યથાશક્તિ, યથાયોગ્ય યોગદાન આપનાર અનેકનો નામોલ્લેખ સમાવિષ્ટ ન થયો હોય તેવા અનેક પુરુષાર્થીઓનો પુરુષાર્થ સમાયેલો છે, તે તમામના કર્તૃત્વનો સ્વીકાર કરવામાં ધન્યતા અનુભવું છું. આ સંસ્થાના છાંયડે વિકસી સ્વજીવનમાં પ્રગતિનાં શ્રેષ્ઠતમ સોપાનો સર કર્યા હોય તેવા શિક્ષણશાસ્ત્રીઓ, વૈજ્ઞાનિકો, ઉદ્યોગપતિઓ, ડૉક્ટર્સ, અધિકારીઓ, ઈજનેરો, અધ્યાપકો, શિક્ષકો, વીર શહીદો, રાજનીતિજ્ઞશ્રીઓ, વ્યવયાસિકો, વકીલો, વ્યાયામવીરો, વિદેશમાં સ્થાયી થયેલા 'બીન નિવાસી સરઢવપ્રેમીઓ (NRI)' સહિતના ભૂતપૂર્વ તેજસ્વી વિદ્યાર્થીશ્રીઓ ની નામાવલિ જોઈએ તો અધધધ...અનુભવાય. ૭૫ વર્ષથી સંસ્થાનું ઝળહળતું પ્રદાન અને ઉજ્જવળ સિધ્ધિઓને શબ્દસ્થ કરવી મુશ્કેલ થઈ પડે છે. ટૂંકમાં એટલું કહીશ કે સંસ્થા થકી સિંચન પામેલી ત્રણ ત્રણ પેઢીઓના સર્વાંગી વિકાસના પાયામાં સંસ્થામાં શિક્ષણના માધ્યમથી સાંપડેલા સંસ્કાર, સમજ, પ્રકાશ અને ગતિશીલતા છે. આજે જે સિધ્ધિના શિખરો દેખાય છે તે માત્ર ને માત્ર આ કેળવણીના મંદિરનો પ્રતાપ છે. કેળવણી ક્ષેત્રના શિલ્પીઓ એવા સર્વે દિવંગત પુણ્યાત્માઓને હૃદયાંજલિ. સર્વે કૃતિશીલોને વંદન...

આપણા આંગણે રૂડો અવસર આવ્યો છે ત્યારે સંસ્થાને નવીન સાજ શણગારથી સજાવવા મારા લઘુબંધુ ઉત્સાહી યુવાન ઉદ્યોગપતિ શ્રી દર્શનભાઈ - ચેરમેનશ્રી : VINNI Cosmetics Pvt. Ltd. એ પહેલ કરી રૂા.૧૫ લાખ જેવી માતબર રકમ સમર્પિત કરી શુકન કરાવ્યા છે. તેવી જ રીતે પૂર્વ પ્રમુખશ્રી દાસકાકાની દિકરીઓએ સંસ્થાના ટ્રસ્ટી ચારુબહેન થકી રૂા.૧૫ લાખના યોગદાન સાથે ઉત્કૃષ્ટ દાખલો સ્થાપિત કર્યો છે. સમાંતરે જ આ વર્ષથી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની શિક્ષણ ફી ની જવાબદારી સ્વયં ઉપાડી ગુણવત્તાયુક્ત પ્રાથમિક શિક્ષણ નહિવત ફી થકી ગરીબમાં ગરીબ વિદ્યાર્થીને સુલભ બનાવવાનો અમારો પોતાનો અંગત સંકલ્પ છે.

હનુમાન બની, જટાયુ બની અંગદ બની, નલ-નીલ, સુગ્રીવ-જામ્બુવાન કે પછી નાનકડી ખિસકોલીકાર્ય થકી યથાશક્તિ તન,મન,ધન, સમય અર્પણ કરી ઋણ ચૂકવવાની તક પરમાત્માએ આપણા સૌના જીવનમાં ઉપલબ્ધ કરી છે તેને લેખે લગાડીએ. આપણે ધન્ય બન્યા છીએ, તો આ ગામની આવનારી પેઢીઓના બાળકોના જીવન ધન્ય બનાવવા કૃતાર્થ બનીએ તેવી અભિલાષા છે. અમૃત મહોત્સવ નિમિત્તે ઐતિહાસિક પળોને, સ્મૃતિઓને ગ્રન્થસ્થ કરવાના આશયથી સુવેનીયર પ્રસિધ્ધ કરવાનો આ ઘડીનો સંકલ્પ છે. જેમાં શિક્ષણ ક્ષેત્રના સિધ્ધ સિતારા, વિરલ પ્રતિભાઓ, રમતવીરો, તેજસ્વી તારલાઓ અને જેના યોગદાન - કર્તૃત્વ-નેતૃત્વ થકી આ સંસ્થા ફુલી ફાલી છે તેવા દાતાશ્રીઓ, શ્રેષ્ઠીઓ, મહાનુભાવો, સાક્ષરો, વિભૂતિઓ, આમંત્રિત વિશિષ્ટ મહાનુભાવો સહિતના કૃતિશીલોની વિગતો સંસ્થાના નીતિ વિષયક નિર્ણયોને આધીન સમાવિષ્ટ કરવાના સંકલ્પ સાથે ડીસેમ્બર-૨૦૧૭માં આ સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીશ્રીઓ સહિત સંસ્થા સાથે સ્નેહના તાંતણે બંધાયેલા શ્રી સરઢવ કેળવણી ઉત્તેજક મંડળ પરિવાર જનોની ઉપસ્થિતમાં "અમૃત મહોત્સવ"ની ઉજવણીમાં ઉમળકાભેર સહભાગી થવા અનુકૂળતા કરવા આપ સૌને આગોતરું આમંત્રણ છે.

**"અમૃત મહોત્સવ"ની ઉજવણીમાં ઉમળકાભેર સહભાગી થવા સૌને સ્નેહભીનું આમંત્રણ...**

વ્યક્તિ આવે ને જાય, પરંતુ સંસ્થા મહાન છે - શાશ્વત છે તે સત્ય સ્વીકારી 'तन्मे मनः शिवसंकल्पमस्तु' 'મારું મન કલ્યાણકારી સંકલ્પવાળું હો'ની વેદવિભાવના સાથે કટીબધ્ધ બની અમૃત મહોત્સવને સર્વથા સર્વકાલીન અમૃતમય બનાવીએ.

असतो मा सद् गमय । तमसो मा ज्योतिर्गमय ।
मृत्योर्मा अमृतं गमय ।

'હે પરમાત્મા ! આપ મને અસત્યમાંથી સત્ય પ્રતિ, અંધકારમાંથી પ્રકાશ પ્રતિ, મૃત્યુમાંથી અમૃત પ્રતિ લઈ જાઓ'. અસ્તુ

- ગુણાનુરાગી,
**ગિરીશભાઈ નારણભાઈ પટેલ**
પ્રમુખ, શ્રી સરઢવ કેળવણી ઉત્તેજક મંડળ

## શ્રી સરઢવ કેળવણી ઉત્તેજક મંડળના સફળ સુકાનીઓ

| | | | | | |
|---|---|---|---|---|---|
|  |  |  |  |  |  |
| શ્રીમતી ઉષાબેન મનુભાઈ પટેલ<br>સરપંચશ્રી, સરઢવ ગ્રામ પંચાયત<br>કારોબારી સદસ્યશ્રી | શ્રી શંકરભાઈ રણછોડદાસ પટેલ<br>મંત્રીશ્રી : સને ૧૯૯૭થી ૨૦૧૧<br>ઉપપ્રમુખશ્રી : સને ૨૦૧૧થી | શ્રી ભીખાભાઈ મંગળદાસ પટેલ<br>મંત્રીશ્રી : સને ૨૦૧૪થી | શ્રી દશરથભાઈ સોમાભાઈ પટેલ<br>ખજાનચીશ્રી : ૨૦૧૧થી ૨૦૧૪<br>મંત્રીશ્રી : ૨૦૧૪થી | શ્રી નવીનચંદ્ર પુંજાલાલ પટેલ<br>મંત્રીશ્રી : શ્રી સરઢવ ગ્રામ વિકાસ મંડળ<br>કન્વીનરશ્રી :<br>અમૃત મહોત્સવ ઉજવણીસમિતિ | શ્રી ડૉ. બળદેવભાઈ રતિલાલ પટેલ<br>મંત્રીશ્રી : સને ૧૯૯૯થી ૨૦૦૨<br>કન્વીનરશ્રી : સુવેનીયર પ્રકાશન સમિતિ - નાણાં સમિતિ |
|  |  |  |  |  |  |
| શ્રી ગિરીશભાઈ નારણભાઈ પટેલ<br>પ્રમુખશ્રી : શ્રી સરઢવ કેળવણી ઉત્તેજક મંડળ : ૨૦૧૧થી<br>ટ્રસ્ટીશ્રી : ૧૯૯૯થી | શ્રી વાડીભાઈ ભાયચંદદાસ પટેલ<br>પ્રમુખશ્રી : સને ૧૯૯૭થી ૨૦૧૧<br>ટ્રસ્ટીશ્રી : સને ૧૯૮૯થી | શ્રી અમૃતભાઈ પ્રહલાદદાસ પટેલ<br>સહકન્વીનરશ્રી : અમૃત મહોત્સવ ઉજવણી સમિતિ તથા સુવેનીયર સમિતિ | શ્રી કનુભાઈ રામદાસ પટેલ<br>ટ્રસ્ટીશ્રી : ૧૯૮૪થી | શ્રી આત્મારામ છોટાલાલ પટેલ | શ્રી દિપકભાઈ અંબાલાલ પટેલ<br>ખજાનચીશ્રી : ૨૦૧૪થી |